# પ્રકરણ છઠ્ઠું

## સંશોધનની ફલશ્રુતિ

સંશોધનકાર્ય હાથ ધરતાં પહેલાં જે મંઝિલ પર પહોંચવાનું સંશોધકે વિચાર્યું હતું તેના ઉપર પર તેઓ આવી પહોંચ્યા છે. આથી સમગ્ર સંશોધનકાર્ય ઉપર દૃષ્ટિપાત કરી એક ટૂંકી સમીક્ષા દ્વારા અહીં એની ફળશ્રુતિ સંક્ષેપમાં રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### પ્રાદેશિક ભાષાનું મહત્ત્વ ને સંશોધનની આવશ્યકતા :

પ્રાદેશિક ભાષા તરીકે સ્વરાજ્ય પ્રાપ્તિ પછી ગુજરાતી ભાષાને પ્રાપ્ત થયેલા નવા દરજ્જા અને તેણે ઉપાડવાની અનેકવિધ કામગીરીને અનુલક્ષીને ભાષાના વિકાસાત્મક શિક્ષણનો કાર્યક્રમ ઘડવાની આવશ્યકતા સંશોધકના મનમાં વસી ગઈ.

માતૃભાષા યા પ્રાદેશિક ભાષા તરીકે વિધિસરના શિક્ષણના પ્રારંભથી, એટલે પ્રાથમિક શાળાની પહેલી શ્રેણીથી માધ્યમિક શાળાંત પરીક્ષા સુધી એને પ્રથમ મહત્ત્વના વિષય તરીકે બીજા વિષયો કરતાં એકંદરે વધારે સમય આપ્યો હોવા છતાં એને શિક્ષણની બોધભાષા તરીકે સ્વીકારી હોવા છતાં વિદ્યાર્થીઓની ભાષાસિદ્ધિ/શક્તિ છેલ્લા પચીસ - ત્રીસ વર્ષમાં પણ વિકસી નથી એ હકીકત ઉપરોક્ત આવશ્યકતાનું સમર્થન કરે છે.

હાલના વિજ્ઞાન અને યંત્રોદ્યોગના યુગમાં સામાન્ય માનવ વ્યવહારના સાધન તરીકે ગુજરાતી ભાષાનો વધુ હેતુસાધક

૨

વિકાસ સાધવાનો બાકી છે. યુનિવર્સિટી શિક્ષણને સ્તરે પણ તેને વિવિધ વિદ્યાશાખામાં શિક્ષણની બોધભાષા તરીકે તેનું ભાષા ભંડોળ સમૃદ્ધ કરવાની અને તેની અભિવ્યક્તિ – શક્તિ/ક્ષમતા વિકસાવવાની જરૂરત પણ સહેજે સંશોધકના ધ્યાન પર આવી. આ હેતુ પાર પાડવા માટે ય ભાષાના વિકસાત્મક શિક્ષણનો એક સુયોજિત ને સુસ્પષ્ટ કાર્યક્રમ ઘડવાની આવશ્યકતા સંશોધકને સમજાઇ હતી.

પ્રથમ ભાષાના શિક્ષણનો કાર્યક્રમ હેતુલક્ષિતાથી વિચારીને એને સંશોધનમૂલક જો બનાવવામાં આવે તો જ તે હેતુસાધક બને અને વિદ્યાર્થીઓને મૌખિક તેમ જ લેખિત અભિવ્યક્તિની અમોઘ શક્તિ બક્ષે એ નિર્વિવાદ હતું. વ્યક્તિની ભાષાશક્તિના પાયામાં આત્મસાત કરેલ વ્યાપક શબ્દભંડોળ અને અનેકવિધ વાક્યરચનો રચવાની શક્તિ રહેલી છે. આ બે શક્તિ કૌશલ્ય જો વિદ્યાર્થી હસ્તગત કરી લે તો તેને જીવનભર એક આજ્ઞાધારક સેવકનું કામ આપી શકે.

આવા ભાષાજ્ઞાનનો પાયો પ્રાથમિક શાળાના શરૂઆતના ધોરણોમાં જ નખાવો જોઇએ એમ સમજીને સંશોધકે પ્રાથમિક શિક્ષણના પ્રથમ તબક્કા દરમિયાન વિદ્યાર્થીએ પ્રાપ્ત કરવાના વાપર શબ્દભંડોળ અંગેનું સંશોધનકાર્ય હાથ ધરવાનો વિચાર કર્યો. આ મહાનિબંધના પહેલા પ્રકરણમાં વિચારેલા સંશોધનકાર્યને શબ્દબદ્ધ કરવામાં આવ્યું છે અને તેની ભૂમિકા રજૂ થઇ છે.

સંશોધનના હેતુઓ :

ત્યારબાદ સંશોધકે પોતાના સંશોધનના હેતુઓનું આલેખન કર્યું. આ હેતુઓ નીચે ફરીથી આપ્યા છે:

૧. પ્રસ્તુત સંશોધન દ્વારા પ્રાથમિક શાળાની પહેલી પાંચ શ્રેણીઓમાં અભ્યાસ કરતા જુદી જુદી વયના વિદ્યાર્થીઓની અભિવ્યક્તિનું શબ્દભંડોળ (active vocabulary) જાણી લેવું.

૨. આ વિદ્યાર્થીઓના શબ્દભંડોળનો વ્યાપ કેટલો છે તે જાણવું.

૩. શહેર અને ગ્રામ વિસ્તારના બાળકોના શબ્દભંડોળની તુલના કરવી.

૪. અરબી, ફારસી ને અંગ્રેજી જેવી વિદેશી ભાષાઓની ગુજરાતી ભાષા પર કેટલી અસર થઇ તે પ્રાપ્ત શબ્દભંડોળ પરથી તારવવું.

૫. નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, અવ્યય તથા કૃદંતમાંથી કયા પદોનો કેટલો ઉપયોગ વિદ્યાર્થીઓ કરે છે તે જાણી લેવું.

૬. ગુજરાતમાં પાઠયપુસ્તકોનું રાષ્ટ્રીકરણ થયા પછી જે ગુજરાતી વાચનમાળા આખા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વપરાય છે તેના પહેલી પાંચ શ્રેણીના પુસ્તકોમાં વપરાયેલી નવા શબ્દોની યાદી આ સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલી યાદી સાથે સરખાવવી.

## ભાષાનો ઉદ્ભવ ને ઉપયોગિતા

બીજા પ્રકરણમાં ભાષાનો ઉદ્ભવ અને માનવ વિકાસમાં તેણે કરેલા મહત્ત્વપૂર્ણ પ્રદાનની ચર્ચા કરવામાં આવી છે. આદિ માનવને માનવી બનાવવામાં અગ્નિ, ચક્ર, ખેતી, ઇત્યાદિની

શોધની જેમ વાચાની ઉત્પત્તિ અને વિકાસે પણ ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. માનવેતર પ્રાણીઓથી માનવીને જુદો પાડનાર તેની અર્થપૂર્ણ વાચા ભાષા છે.

માનવીએ ભાષાનો ઉપયોગ કરીને અન્ય મનુષ્યો સાથેનો પોતાનો સામાજિક વ્યવહાર વિકસાવ્યો. પોતાની જરૂરતોની, ઇચ્છાઓની, વિચારોની યા લાગણીની લેવડદેવડ માટે માનવી ભાષાનો ઉપયોગ કરવા લાગ્યો. તે તેને સમૃધ્ધ બનાવતો ગયો અને તેની અભિવ્યકિત અને સામાજિક વ્યવહારના સબળ સાધન તરીકે તેની શકિત ને ક્ષમતા વધારતો ગયો.

આ ઉપરાંત માનવીની વિચારશકિત ખીલવવામાં પણ ભાષાએ અગત્યનો ભાગ ભજવ્યો છે. માનવીએ હસ્તગત કરેલી ભાષા દ્વારા જ તે નવું જ્ઞાન સંપાદન કરતો હોય છે, વિચાર કરતો હોય છે, પોતાની લાગણી યા સંવેદના વ્યકત કરતો હોય છે. સામાજિક વ્યવહારમાં ભાષાનો જેટલો દેખીતો ઉપયોગ થાય છે તેટલો ઉપયોગ કદાચ માનવીના વિચાર ઘડતરમાં ખુલ્લેખુલ્લો દેખાતો નહીં હોય. છતાં માનવીના સઘળા મનોવ્યાપારની પાછળ ભાષાનું બળ રહેલું છે.

બીજા પ્રકરણના બીજા ખંડમાં આધુનિક યુગમાં ભાષાઓના મહત્ત્વની ચર્ચા કરી ભારત જેવા બહુભાષાભાષી દેશમાં એકથી વધારે ભાષાની જરૂરત, દરેકના હેતુઓ, તેની શિક્ષણ વ્યવસ્થા ઇત્યાદિની ચર્ચા વિગતે કરી છે. સાથે સાથે આ જરૂરતોમાંથી ઉપસ્થિત થતી કેટલીક સમસ્યાઓનો પણ નિર્દેશ કર્યા છે.

એજ પ્રકરણના ત્રીજા ખંડમાં ગુજરાતી ભાષાની

૫ ઉત્પત્તિ તથા વિકાસ અંગે, એના પર પડેલી બીજી ભાષાઓની અસર વિશે તથા ગુજરાતી ભાષાભાષી સમાજની જરૂરતો વિશે ચર્ચા કરવામાં આવી છે.

## દેશવિદેશના સંશોધનો પર દૃષ્ટિપાત :

સંશોધનની આવશ્યકતા ધ્યાનમાં લઈને એનો વિષય નક્કી કર્યા પછી ભાષાસંશોધનના ક્ષેત્રમાં દેશવિદેશમાં જે સંશોધનો થયાં હતાં તેનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો. આ અભ્યાસનો હેતુ પોતાના પુરોગામીઓએ અખત્યાર કરેલી સંશોધનનાં હેતુઓ અને પદ્ધતિઓ અંગે જાણકારી પ્રાપ્ત કરવાનો હતો. આ અભ્યાસથી વિદ્યાર્થીના વાપર શબ્દભંડોળ અંગે ~~સંશોધન~~ સંશોધન કરવાના પોતાના નિર્ણયને સારું સમર્થન મળ્યું કેમ કે, દેશવિદેશના ભાષા અંગેના શૈક્ષણિક સંશોધનોમાં મોટેભાગે એમને શબ્દભંડોળ અંગેના* જ સંશોધનો જોવા મળ્યાં. આ સંશોધનો અંગેની માહિતી ત્રીજા પ્રકરણમાં આપી છે.

શબ્દભંડોળ અંગે અંગ્રેજી ભાષામાં જે સંશોધનકાર્ય થયું છે તે બહુ રસિક માહિતી પૂરી પાડે છે. બેઝીક ઇંગ્લીશના ૮૫૦ શબ્દોની યાદી, પરદેશી વિદ્યાર્થીઓ માટે પામર અને હોર્ન્બીની ૧૦૦૦ શબ્દોની યાદી અને વિશ્વના ચાર ખ્યાતનામ ભાષાવિદોએ ૧૨ થી ૧૮ વર્ષના અન્ય ભાષાભાષી વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલી ૨૦૦૦ શબ્દોની યાદી આપણી ભાષામાં શબ્દભંડોળ અંગેના સંશોધનો માટે દિશાનિર્દેશ કરી જાય છે. અન્ય સંશોધનોની વિગતો પણ જુદી જુદી ઉંમરના વિદ્યાર્થીઓના ઓળખ તથા વાપર શબ્દો શોધવા માટે આપણને સારું માર્ગદર્શન પૂરું પાડે છે.

ભારતમાં પણ મરાઠી, હિંદી, ઇત્યાદિ ભાષાઓમાં

૬ થયેલાં સંશોધનો પણ સંશોધક માટે બહુ બોધપ્રદ નીવડયાં છે. દા. ત. મરાઠીમાં ભટનું ૫ થી ૯ વર્ષની વયજૂથનાં બાળકોના ઓળખ અને વાપર શબ્દો અંગેનું અને હિન્દીમાં રૂકમણીનું શ્રેણી ૨ – ૩ ના ૭ થી ૮ વયજૂથનાં બાળકોના શબ્દભંડોળ અંગેનું સંશોધન લો. ભટે પોતાના સંશોધનને અંતે એવું તારણ કાઢયું છે કે ૬ વર્ષ અને ૧૦ વર્ષની વયના બાળકોના વાપર શબ્દભંડોળ અનુક્રમે ૫૦૦ અને ૪૧૦૦ શબ્દોનું છે અને પશ્ચિમના દેશોના બાળકો કરતાં આ ભંડોળ ઓછું છે. રૂકમણીએ રાજસ્થાનમાં બીજી અને ત્રીજી શ્રેણીમાં અભ્યાસ કરતાં હિંદીભાષી બાળકોના રાષ્ટ્રીકૃત પાઠયપુસ્તકોમાંથી અનુક્રમે ૧૨૩૨ અને ૧૬૪૭ વાપર શબ્દો મેળવ્યા છે.

આ સંશોધકને સૌથી વધુ ઉપયોગી લાગ્યાં વકીલ, રાવળ અને લાકડાવાળાનાં ૧૧ + શ્રેણી ૫, ૧૨ + શ્રેણી ૬ અને ૧૩ + શ્રેણી ૭ ના વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અંગેનાં સંશોધનો. સંશોધનમાંથી પ્રાપ્ત કરેલા ૭૯૩૨ ઓળખ શબ્દો અને ૪૦૨૫ વાપર શબ્દોની યાદી પરથી વકીલે પહેલા હજાર શબ્દોની યાદી તૈયાર કરી તેને હિંદી અને અંગ્રેજી શબ્દોની યાદી સાથે સરખાવી. રાવળે પણ પોતે પસંદ કરેલા વયજૂથના વિદ્યાર્થીઓના ઓળખ અને વાપર શબ્દોની અલગ યાદી તૈયાર કરી તેનું વિવિધ દ્રષ્ટિએ વર્ગીકરણ કર્યું. લાકડાવાળાએ શોધેલા ૧૩ + વયના વિદ્યાર્થીઓના ૧૨,૧૬૭ ઓળખ શબ્દો અને ૮,૫૭૦ વાપર શબ્દો પૈકી ૫,૮૪૦ શબ્દો બેઉ યાદીમાં હતા એમ તારવ્યું. ત્રણે સંશોધકોએ જે તે શ્રેણીના મંજૂર થયેલાં પાઠયપુસ્તકોને આધારે તેમ જ વિદ્યાર્થીઓને આપેલા લેખનકામને આધારે પોતાનું સંશોધન કર્યું હતું.

૭ <u>સંશોધનનાં પધ્ધતિઓ ને સાધનો :</u>

અગાઉ થયેલાં સંશોધનનો પરિચય મેળવ્યા પછી સંશોધનની પ્રવર્તમાન વૈજ્ઞાનિક પધ્ધતિઓ અને સાધનોનો સંશોધકે અભ્યાસ હાથ ધર્યો. શૈક્ષણિક સંશોધનના પ્રકાર અને પધ્ધતિઓનો ખ્યાલ મેળવી એમણે પોતાના સંશોધનની રૂપરેખા તૈયાર કરી. આ માહિતી ચોથા પ્રકરણમાં આપી છે.

સંશોધકે અમુક વયજૂથના વિદ્યાર્થીઓના વાપર શબ્દ ભંડોળ શોધવાનું નક્કી કર્યું હોવાથી તેમને તરત સમજાયું કે આ સંશોધન સર્વેક્ષણ પ્રકારનું જ હોઇ શકે. વાપર શબ્દો પ્રાપ્ત કરવા માટે સંશોધકે વિદ્યાર્થીની મુલાકાત (interview) અને પ્રશ્નાવલિ યા કસોટી (test) ના સાધનો પસંદ કર્યાં.

સંશોધનનું ક્ષેત્ર મર્યાદિત રાખવા માટે સંશોધકે સૂરત શહેર અને આસપાસનાં ગામોની પ્રાથમિક શાળાઓ પસંદ કરવાનું તથા એ શાળાઓની ૧ થી ૫ શ્રેણીના કુલ ૧,૧૦૦ વિદ્યાર્થીઓના લખાણનો નમૂનો મેળવવાનું નક્કી કર્યું. ત્યારપછી દરેક શ્રેણી માટે તેમણે પ્રારંભિક કસોટીઓ તૈયાર કરી એક શાળામાં તેની અજમાયશ કરી અને તેને આધારે કસોટીઓને આખરી સ્વરૂપ આપ્યું. આ રીતે સંશોધન - કાર્યનો પ્રારંભ કરવા માટે જે પૂર્વ-તૈયારી કરવામાં આવી તેની વિગત ચોથા પ્રકરણના ઉત્તર ભાગમાં આપી છે.

<u>સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલ પરિશિષ્ટો, કોઠાઓ અને શબ્દયાદીઓ:</u>

શ્રેણી ૧-૨નાં નાનાં બાળકો પાસેથી દરેક પ્રશ્નના જવાબ મૌખિક અને વ્યક્તિગત એકઠા કરી સંશોધકે ટેઇપ કર્યા અને

તેના પરથી કાગળ પર ઉતાર્યા. દરેકદરેક શાળાઓમાં શ્રેણી ૩-૪-૫ના વિદ્યાર્થીઓને દરેક પ્રશ્ન સમજાવી તેના જવાબ લખીને આપવાનું કહેવામાં આવ્યું. આ રીતે ૧,૧૦૦ વિદ્યાર્થીઓનાં જે લેખનો આવ્યાં તેના સળંગ શબ્દોની ગણતરી કરતાં તે ૧,૧૧,૮૬૯ શબ્દો થયા.

પાંચમા પ્રકરણમાં આ હકીકત/માહિતી (Data) નું પૃથક્કરણ, સંકલન અને તારણ કાઢવા માટે સંશોધકે શું કર્યું, કેવા યંત્રકોનો ઉપયોગ કર્યો, અને તેને પરિણામે ક્યાં ક્યાં પરિશિષ્ટો ને કોઠાઓ ને શબ્દ યાદીઓ તૈયાર કર્યાં તેની વિગતો આપી છે.

સૌ પ્રથમ નીચેનાં પાંચ પરિશિષ્ટો તૈયાર કરવામાં આવ્યાં:

૧. શ્રેણી ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની કક્કાવાર યાદી – કુલ શબ્દો ૬,૯૭૩.

૨. શહેર તથા ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓએ પહેલી વાર તેમ જ ફરીથી વાપરેલા શબ્દોની આવૃત્તિયુક્ત શ્રેણી તથા કક્કાવાર યાદી.

૩. ભાષાનાં વિવિધ પદો પ્રમાણે તૈયાર કરેલી શબ્દોની યાદી.

૪. વિદ્યાર્થીઓએ વાપરેલા વિદેશી ભાષાના શબ્દોની યાદી.

૫. શ્રેણી ૧ થી ૫ ની સરકારી વાચનમાળામાં વપરાયેલા શબ્દોની શ્રેણી અને કક્કાવાર યાદી.

૯ આ પરિશિષ્ટો પરથી નીચેના કોઠા તૈયાર કરવામાં આવ્યા:

૨. શ્રેણી ૧ – ૫ ના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની કક્કાવાર સંખ્યા.

૩. પહેલી વાર (નવા) અને ફરીથી વપરાયેલા શબ્દોની શ્રેણી તથા કક્કાવાર સંખ્યા.

૪. પહેલી વાર (નવા) અને ફરીથી વપરાયેલા શબ્દોની શ્રેણીવાર સંખ્યા.

૫. સંશોધનમાં પ્રાપ્ત થયેલા વધારે ને ઓછા શબ્દોની સંખ્યા.

૬. વિનીત શબ્દકોશ અને સંશોધનમાં પ્રાપ્ત થયેલા ઓછાવત્તા શબ્દો.

૭. કેટલા% વિદ્યાર્થીઓએ કેટલા શબ્દો વાપર્યા તે દર્શાવતો કક્કાવાર કોઠો.

૮. વિદ્યાર્થીઓના દશદશ ટકાના જૂથે વાપરેલા શબ્દોની સંખ્યા.

૯. શહેરમાં, ગામડાંમાં અને બન્નેમાં વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની શ્રેણી તથા કક્કાવાર શબ્દસંખ્યા.

૧૦. શહેર અને ગ્રામવિસ્તારના વિદ્યાર્થીઓના વાપર – શબ્દોની શ્રેણીવાર સંખ્યા.

૧૧. વાચનમાળામાં શ્રેણીવાર વપરાયેલા નવા શબ્દોની સંખ્યા.

૧૨. સંશોધન અને વાચનમાળામાં પહેલી વાર વપરાયેલા શબ્દોની સંખ્યા.

આ ઉપરાંત નીચેની શબ્દયાદીઓ પણ તૈયાર થઇ:

૧. ઊંચી વારંવારિતા દર્શાવતા શબ્દોની યાદી.

૨. શહેર અને ગ્રામવિસ્તારના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની તુલનાત્મક યાદીઓ.

૩. સંશોધન અને વાચનમાળામાં વપરાયેલા સમાન શબ્દોની યાદી.

૪. ગુજરાતી ભાષાના પહેલા એક હજાર શબ્દોની યાદી ચાર ભાગમાં .

આ રીતે પ્રાપ્ત હકીકતોનું સંકલન કરીને નીચેના છ મુદ્દા પર સંશોધનને આધારે કેટલાક તારણો કાઢયાં:

૧. વાપર શબ્દો અંગેનાં તારણો;

૨. પ્રાપ્ત શબ્દભંડોળનાં વ્યાપ અને આવૃત્તિ;

૩. શહેર અને ગ્રામ વિસ્તારનાં બાળકોનું શબ્દભંડોળ;

૪. અન્ય ભાષાના શબ્દોનો વપરાશ;

૫. વાચનમાળાના શબ્દભંડોળ સાથે સરખામણી;

૬. ગુજરાતી ભાષાના પહેલા એક હજાર શબ્દોની યાદી.

૧૧ **સંશોધનમાંથી પ્રાપ્ત થયેલાં કેટલાંક અગત્યનાં તારણો :**

પાંચમા પ્રકરણમાં ઉપરોક્ત મુદ્દાઓની વિગતે ચર્ચા કરીને સંશોધકે કેટલાંક અગત્યનાં તારણો કાઢયાં છે. સંશોધનના નિષ્કર્ષસમા આ તારણો સંક્ષેપમાં અહીં ફરીથી રજૂ કરીએ તો સંશોધનની ફળશ્રુતિનું એક સર્વગ્રાહી ચિત્ર ઉપસાવી શકાશે.

૧. શ્રેણી ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ કુલ ૧,૯૭૩ નવા શબ્દો વાપર્યાં છે.

૨. શ્રેણીવાર વાપર શબ્દોની સંખ્યા અનુક્રમે ૪૩૪, ૨૩૯, ૫૫૬, ૪૦૮ અને ૩૩૭ છે.

૩. શહેર અને ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓના શબ્દ - ભંડોળની દૃષ્ટિએ વિચારીએ તો શહેરના વિદ્યાર્થીઓએ ૯૫૮ શબ્દો અને ગામડાંના વિદ્યાર્થીઓએ ૫૮૦ શબ્દો વાપર્યાં છે, જયારે બેઉના શબ્દભંડોળમાં ૪૩૫ સમાન શબ્દો છે.

૪. વ્યાકરણનાં પદો પ્રમાણે જો આ વાપર શબ્દોનું વિભાજન કરીએ તો તેમણે ૧,૪૧૨ નામ, ૩૩ સર્વનામ, ૧૮૪ વિશેષણ, ૨૨૯ ક્રિયાપદ, ૯૪ અવ્યય અને ૨૧ કૃદંત વાપર્યાં છે.

૫. નાના વયજૂથના આ વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં પણ ૧૪૯ અરબી - ફારસી શબ્દો અને ૮૫ અંગ્રેજી શબ્દો જોવા મળે છે.

૬. વાચનમાળાના પાંચે પુસ્તકોમાંથી કુલ ચાલુ ૫૫,૨૮૧

શબ્દો મળ્યા. એમાંથી પ્રાપ્ત થયેલા ૨,૨૭૮ નવા વિવિધ શબ્દોની સરખામણીમાં સંશોધન દ્વારા મળેલા ૧,૯૭૩ શબ્દો ૩૦૫ જેટલા ઓછા છે. બેઉમાં વપરાયેલા સમાન શબ્દોની સંખ્યા માત્ર ૪૫૧ છે.

૭. કુલ વાપર શબ્દોનો અભ્યાસ વારંવારિતાની દ્રષ્ટિએ કરવાથી એવું માલૂમ પડે છે કે માત્ર ૧૮૫ શબ્દોનો ઉપયોગ જ ૧૧૧ થી ૮૮૦ વિદ્યાર્થીઓએ કર્યો છે. બાકીના શબ્દો માત્ર ૧ થી ૧૧૦ વિદ્યાર્થીઓએ વાપર્યા છે. એમાં પણ એક જ વિદ્યાર્થીએ એક જ વખત વાપરેલી શબ્દોની સંખ્યા ઘણી મોટી, અર્થાત્ ૩૮૧ શબ્દોની છે.

આ તારણો પરથી ગુજરાતી ભાષાશિક્ષણ અંગે જે પરિસ્થિતિ પ્રવર્તે છે તેને વિશે નીચે કરેલી ટીકા વાજબી લેખાશે:

૧. વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અંગે કોઇ પૂર્વયોજિત યોજના હોય એવું જણાતું નથી. સંશોધન દ્વારા તેમ જ વાચનમાળાના અભ્યાસ દ્વારા શ્રેણીવાર નવા શબ્દોની જે સંખ્યા મળી છે, (જુઓ કોઠો ૧૨) તેમાં ઘણી મોટી વધઘટ નજરે પડે છે, એમાં કશું ધોરણ જળવાયું હોય એમ જણાતું નથી.

૨. વાચનમાળાની રચના પ્રમાણિત શબ્દયાદી મૂલક નથી. એમાં પણ કોઇ પૂર્વચિંતિત યોજના નજરે પડતી નથી.

૩. પ્રાથમિક યા માધ્યમિક શિક્ષણના કોઇપણ તબક્કે વિદ્યાર્થીના શબ્દભંડોળના વિકાસની કોઇપણ યોજના પહેલેથી વિચારાઇ હોય એમ લાગતું નથી.

૧૩ જે ભાષા જીવનભર વિદ્યાર્થીની અભિવ્યક્તિનું અસરકારક સાધન બને એવી અપેક્ષા આપણે રાખી છે તેમાં વિદ્યાર્થી નવાં જ્ઞાન, શક્તિ ને કૌશલ્યો ક્રમિક રીતે અને ઉત્તરોત્તર વધતી ગતિથી પ્રાપ્ત કરે એવી યોજના વ્યવસ્થાનો અભાવ એ આપણા પ્રથમ ભાષાના શિક્ષણમાં એક પાયાની ખોડ કહેવાય. પ્રસ્તુત સંશોધનકાર્યની જો કોઇ સૌથી ગંભીર ફળશ્રુતિ હોય તો તે આ સંશોધકને મન કેળવણીકારો, ભાષાવિદો તથા શિક્ષકોનું આ ઊણપ પ્રત્યે ધ્યાન દોરવાની છે. જ્યાં સુધી આ ઊણપ દૂર ન થાય ત્યાં સુધી ગુજરાતી ભાષાના શિક્ષણને હેતુલક્ષી ને ફળદાયી બનાવવાની આશા રાખી શકાય નહીં.

<u>હવે શું? — સૂચિત અનુકાર્ય :</u>

આવી વિષમ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો આપણે સજાગ, વ્યવસ્થિત ને સક્રમ નિર્ધાર કરવો જોઇએ. વિશેષે કરીને જેમના હાથમાં ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાનું નેતૃત્વ છે તેમણે પ્રથમ ભાષાના શિક્ષણમાં નજરે પડતી ઉપરોક્ત પાયાની ખોડ દૂર કરવા શું થઇ શકે તેનો અનુભવી ને તજ્જ્ઞ શિક્ષકોના સહયોગથી તાકીદે ને ગંભીરપણે વિચાર કરવો જોઇએ.

આ સંશોધનમાંથી ઉપસ્થિત થતાં કેટલાંક સંશોધનાત્મક અનુકાર્યોનો વિચાર સંશોધકે કર્યો છે. તેની વિગત નીચે સંક્ષેપમાં આપી છે.

૧. જુદી જુદી વયકક્ષાના વિદ્યાર્થીઓ માટે પ્રમાણિત શબ્દયાદીઓ તૈયાર કરવી જોઇએ. આવી યાદીઓ આ ગુજરાતના વિસ્તારને અનુલક્ષીને તૈયાર થવી ઘટે.

૧૪ આ દિશામાં સંશોધકે થોડોક પ્રારંભ કર્યો છે. વિદ્યાર્થીના શબ્દભંડોળના શિક્ષણને વ્યવસ્થિત બનાવવાના હેતુથી સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલ ૧,૯૭૩ વાપર શબ્દોમાંથી વિદ્યાર્થીએ પોતાના સક્રિય શબ્દભંડોળમાં સૌ પ્રથમ સમાવી લેવા જેવા ૧,૦૦૦ શબ્દોની યાદી સંશોધકે તૈયાર કરી છે. (જુઓ શબ્દયાદી – ૪) કઇ દિશામાં કામ કરવાની જરૂર છે તે આના પરથી સમજાશે. વધુ વ્યાપક નમૂનો લઇને આ યાદીને પ્રમાણિત કરવાની જરૂર છે. ત્યારપછી શ્રેણી ૫ થી ૭ ના અને શ્રેણી ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓના વાપર શબ્દોની પ્રમાણિત યાદી તૈયાર કરવી જોઇએ.

૨. વાપર શબ્દયાદીઓને આધારે પ્રાથમિક અને માધ્યમિક શાળાના પાઠયપુસ્તકોની નવેસરથી રચના થવી જોઇએ. આ કોઇ બે – પાંચ વ્યક્તિનું કામ નથી. એને માટે સુયોગ્ય નેતૃત્વ હેઠળ નિષ્ણાત અને દ્રષ્ટિવંત શિક્ષકોની એક ટુકડી ઉભી કરવી જોઇએ.

૩. ગૂજરાતી ભાષા બધા વિષયોના શિક્ષણનું માધ્યમ હોવાથી ઉપરોકત શબ્દયાદીઓમાં જુદે જુદે તબકકે શીખવાતા વિજ્ઞાન, ભૂગોળ, ઇતિહાસ આદિ વિષયોના પારિભાષિક શબ્દોનો સમાવેશ કરવાની શબ્દપસંદગી કરતી વખતે કાળજી રાખવી જોઇએ.

૪. વિદ્યાર્થીની ભાષા–શકિત ખીલવવા માટે પાઠયપુસ્તકો ઉપરાંત વિશેષ વાચન માટે સાહિત્ય તૈયાર કરવું જોઇએ. આ સાહિત્ય તૈયાર કરવા માટે ઓળખ શબ્દોની પ્રમાણિત યાદીઓ પણ વયજૂથ અનુસાર તૈયાર કરવી જોઇએ.

૧૫ ૫. ભાષાના બે અંગો તે શબ્દો અને વાક્યબંધો. શબ્દભંડોળનો વિચાર કરવાની સાથે સાથે જુદી જુદી શ્રેણીમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે – વિશેષે કરીને પહેલી ચાર શ્રેણીમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ક્રમિક વાક્યબંધોની યાદી તૈયાર કરી તેને પણ પ્રમાણિત કરવી જોઇએ. ગૂજરાતી ભાષા અંગે આ તદ્દન વણખેડાયેલું ક્ષેત્ર છે. પરંતુ જો ભાષાશિક્ષણની ઇમારત સુદૃઢ પાયા પર રચવી હોય તો શબ્દભંડોળની જેમ વાક્યબંધોના ક્ષેત્રમાં પણ ક્રમશ: સંશોધનકાર્ય હાથ ધરાવું જોઇએ.

<u>ઉપસંહાર:</u>

મુખ્યત્વે સંશોધકે તો આ સંશોધન કાર્ય નિજાનંદ માટે જ હાથ ધર્યું હતું. પ્રસ્તુત સંશોધનના વિષયમાં એમને મૂળભૂત રસ હોવાથી સંશોધન કાર્ય કરતાં કરતાં જે અનુભવો એમને થયા તેથી એમની ભાષાશિક્ષણ વિશેની સૂઝ વધે એ દેખીતું છે. આવા શૈક્ષણિક સંશોધનોમાં એમની શ્રધ્ધા પણ વધુ સુદૃઢ બની છે.

આનુષંગિક રીતે ઉપર અવારનવાર નિર્દેશ કર્યો છે તેમ પ્રસ્તુત સંશોધન શિક્ષકોને તેમ જ પાઠ્યપુસ્તકના સંપાદકોને પણ ઉપયોગી થાય એવો સંભવ છે. શબ્દભંડોળ વિકસાવવાના શિક્ષણનો કાર્યક્રમ તૈયાર કરવામાં અહીં આપેલી યાદીઓ તથા શબ્દોનું કરેલું પૃથક્કરણ અને વર્ગીકરણ શિક્ષકોને માર્ગદર્શક નીવડશે. સ્થાનિક સંયોગોને તથા વિદ્યાર્થીની શક્તિ સૂઝ ને અનુલક્ષીને તેઓ નવા નવા શબ્દોની પોતાની યાદી પણ બનાવી શકશે. તેજસ્વી વિદ્યાર્થીઓના ભાષાવિકાસ માટે આમ કરવું ઘણું આવશ્યક લાગે છે.

પાઠ્યપુસ્તકોના સંપાદકોને નવી દૃષ્ટિએ પોતાનું સંપાદનકાર્ય યોજવા અને પાર પાડવામાં આ સંશોધન અલ્પાંશે પણ જો ઉપયોગી થશે તો એ એની દૂરગામી પરિણામો લાવવાની શકયતા ધરાવતી એક મોટી સિદ્ધિ લેખાશે.

સંશોધક ગુજરાતી ભાષાશિક્ષણના પુનર્ગઠનની વિશાળ ભૂમિકા પર પોતાના નાનકડા સંશોધનને મૂકવાનું પસંદ કરે છે. એ દૃષ્ટિએ જો પ્રસ્તુત સંશોધન ભાષાશિક્ષણની જે નવી ને ભવ્ય ઇમારત ચણવાની છે તેના પાયાની એક ઈંટ બની રહે તો સંશોધકને ખૂબ સંતોષ ને આનંદ થશે...